દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૨૫ મે, ૨૦૨૬

# રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો પિયાનો વગાડતો હતો તેવી હાલત છે દેશની

દેશમાં પેટ્રોલ-ડીઝલની અછત છે. ઇંધણ માટે આપણો દેશ વિદેશ પર જ આધાર રાખવા માટે મજબૂર છે. ઇરાન-અમેરિકા-ઇઝરાયેલ યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેટથી ઇંધણ લઇને આવતા જહાજોનો માર્ગ બંધ થઇ ગયો છે. પરિસ્થિતિ આપણા હાથમાં નહીં હોવાના કારણે દેશના વડા પ્રધાન મોદીએ સમગ્ર દેશને ઇંધણ બચાવવાની અપીલ કરી હતી. પરંતુ કરમની કઠનાઇ એ છે કે, ભાજપના નેતાઓ પર જ આ અપીલની કોઇ અસર પડી નથી. નેતા એટલે કે લીડર. જે લીડ કરે અને પ્રજા તેને ફોલો કરે. પરંતુ અહીં તો નેતાઓ જ બેફામ બની ગયા છે. મધ્ય પ્રદેશના પાઠ્ય પુસ્તક નિગમના અધ્યક્ષ તરીકેનો પદભાર ગ્રહણ કરવા સૌભાગ્ય સિંહ ઉજ્જૈનથી ભોપાલ આવ્યા ત્યારે તેમની સાથે ગાડીઓનો આ કાફલો હતો. અહીં જોવા મળેલી ગાડીઓ ઉજ્જૈનના ભાજપ નેતાઓ અને કાર્યકરોની હતી. ગાડીઓની સંખ્યા પણ વધુ હોવાથી શહેરમાં ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઇ હતી. પીએમ મોદીની ઇંધણ બચાવવાની અપીલ પછી તરત જ આવો કાફલો જોવા મળતાં આખો કાર્યક્રમ ચર્ચામાં આવ્યો હતો. આ આખા મામલે સૌભાગ્યસિંહનો મત જાણવા પ્રયાસ કરાયો હતો. જોકે, તેમનો સંપર્ક થઇ શક્યો નથી. મહત્ત્વનું છે કે મધ્ય પ્રદેશના મુખ્ય મંત્રીએ તેમના કાફલામાંથી ગાડીઓ ઓછી કરવાનો નિર્ણય પણ કર્યો છે. સૂત્રો અનુસાર, વડાપ્રધાનની 10 મેની અપીલ પછી પણ મધ્ય પ્રદેશમાં 8-9 સ્થળોએ મોટા વાહન કાફલાઓ સાથે સ્વાગત રેલીઓ કાઢવામાં આવી. આને સીધી પીએમની અપીલની અવગણના માનવામાં આવી રહી છે. પ્રદેશ ભાજપે તાત્કાલિક પગલાં લેતા સંબંધિત નેતાઓને 17 મેના રોજ ભોપાલ બોલાવ્યા છે. બીજા રાજ્યની વાત જવા દઇએ કારણ કે, જે રીતે ગુજરાત ભાજપના લીડર નરેન્દ્ર મોદીને જાણે છે તેટલું બીજા રાજ્યના નેતા નહીં જ જાણતા હોય તે સ્વાભાવિક છે પરંતુ ગુજરાતના નેતાઓએ પણ તેમની અપીલને ગણકારી નથી.

ગુજરાતની વાત કરીએ રાજ્ય સરકારની કથની અને કરણી વચ્ચેનો તફાવત ખુલ્લો પડ્યો છે. એક બાજુ, સરકાર પ્રજાને પેટ્રોલ-ડીઝલનો કરકસરયુક્ત ઉપયોગ કરવાના ઉપદેશો આપે છે, તો બીજી તરફ, ખુદ મંત્રીઓ જ નિયમોનો અમલ કરવા તૈયાર નથી. સરકારે પરિપત્ર જાહેર કરીને તમામ મંત્રી અને ઉચ્ચ અધિકારીઓ 'કાર પૂલિંગ' (એક જ ગાડીમાં સાથે આવવું) કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ આ આદેશ માત્ર કાગળ પર જ શોભી રહ્યો છે, કારણ કે વીઆઈપી કલ્ચરમાં રાચતા મંત્રીઓને ગાડીઓનો મોહ છૂટતો નથી. કારપુલિંગ કરવામાં મંત્રીઓ જાણે નાનમ અનુભવી રહ્યા છે. નવાઈની વાત એ છે કે મંત્રીઓના સરકારી નિવાસસ્થાનથી સચિવાલયનું અંતર માંડ થોડા કિલોમીટરનું છે. આટલા ટૂંકા અંતર માટે પણ મંત્રીઓ એકબીજા સાથે ગાડીમાં અવરજવર કરવા તૈયાર નથી. સચિવાલયમાં જોવા મળી રહ્યું છે કે, બધાાય મંત્રી સરકારી ગાડીઓમાં એકલા સવાર થઈને વટથી ફરે છે. આ દ્રશ્યો જોઈને એમ લાગેકે, શું નિયમો અને શિસ્તના પાઠ માત્ર સામાન્ય જનતાએ જ ભણવાના?. મંત્રીઓને કોઈ નિયમ લાગુ પડે નહીં? એક બાજુ મોંઘવારી અને ઈંધણના વધતા ભાવથી સામાન્ય માણસ પીસાઈ રહ્યો છે, ત્યારે પ્રજાના ટેક્સના પૈસા પર ચાલતી આ સરકારી ગાડીઓનો બેફામ ઉપયોગ એ મંત્રીઓની વૈભવી માનસિકતા દર્શાવે છે. જો મંત્રીઓ જ પોતે જ વીઆઈપી કલ્ચર છોડવા તૈયાર ન હોય, તો પ્રજા પાસે કરકસરની અપેક્ષા રાખવી એ સદંતર દંભ છે. આ 'કાર પૂલિંગ' નીતિનો ફિયાસ્કો સાબિત કરે છે કે નેતાઓની કથની અને કરણીમાં જમીન-આસમાનનો તફાવત છે. આ તરફ, રાજ્ય સરકારે પરિપત્ર જારીને કરીને સરકારી બાબુઓ-કર્મચારીઓને આદેશ કર્યો છેકે, કારને બસ-મેટ્રો ટ્રેનમાં પ્રવાસ કરે. આ ઉપરાંત કારપુલિંગ પણ કરે. દેશની અત્યારની સ્થિતિ એવી છે કે, વડાપ્રધાન કોઇપણ પક્ષનો હોય, ભાજપ કે કોંગ્રેસ કે પછી અન્ય કોઇ પક્ષ. અત્યારની સ્થિતિ એવી છે કે દેશના દરેક લોકોએ સાથે મળીને તેનો સામનો કરવો જોઇએ પરંતુ સૌથી પહેલા નેતાઓએ શરૂઆત કરવી જોઇએ.

## વચન

પ્રેમ કાંઇ એક સંપૂર્ણ અને અંતિમ સત્ય નથી, માણસની બદલાતી ભાવનાઓ અને આંતરિક દ્વંદ્વોનો સ્વાભાવિક હિસ્સો છે.
**- મન્નુ ભંડારી**

જીવન તમે તમને શોધો તે નથી પણ તમે તમને સર્જો છો તે છે .
**- જ્યોર્જ બર્નાડ શો**

વિરહની અવસ્થામાં જ પ્રેમમાંથી સ્વાર્થ અને અહંકાર મટી જાય છે.
**- કવિ કાલિદાસ**

સહુથી અઘરું છે તે એક માણસનું બીજા માણસને ચાહવું. આપણને સોંપાયેલું આ સહુથી મોટું કાર્ય છે. ચાહી જુઓ ખબર પડશે.
**- રાઇનર મારિયા રિલ્કે**

દૂર નહીં જઇશ, એક દિવસ માટે પણ નહિ, કારણ કે.... કારણ કે.... મને ખબર નથી કઇ રીતે કહેવું... દિવસ ખૂ...બ જ લાંબો છે ને હું બસ રાહ જ જોયા કરીશ.
**- પાબ્લો નેરુદા**

પ્રેમ કરવો તો સાવ ટૂંકો છે જે લાંબુ છે તે તો એ પ્રેમને ભૂલવો
**- પાબ્લો નેરુદા**

હું તેને ચાહુ છું અને બધી વાતનો આરંભ બસ ત્યાંથી જ થાય છે.
**- સ્કોર ફિટ્ઝગાર્ડ**

તું મારું હૃદય છે, મારી જિંદગી છે, મારો એક અને એકમાત્ર વિચાર.
**- આર્થર કોનન ડોયલ**

પ્રેમ વ્યક્તિને તેના અહંકારથી મુક્ત કરાવે છે. સાચો પ્રેમી પોતાને મિટાવીને જ પ્રેમ કરી શકે. એટલે પ્રેમમાં આત્મદાન અને આત્માની આહુતિ સર્વોપરી છે. **- અજ્ઞેય**

## હું પૂછું, તમે કહો

**1. હરકિસન મહેતાએ અરુણા શાનબાગ સાથેના ઘટનાક્રમ આધારે લખેલી નવલકથાનું નામ શું?**
(ક) માણસ નામે ગુનેગાર (ખ) જડ ચેતન
(ગ) લય-પ્રલય (ઘ) તરસ્યો સંગમ

**2. 'સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલી ઇમારત એના નકશામાં નથી હોતી' - આ શેર કોની ગઝલનો છે?**
(ક) બરકત વિરાણી 'બેફામ' (ખ) શૂન્ય પાલનપુરી (ગ) રઇશ મણિયાર (ઘ) અમીન આઝાદ

**3. 'મિથ્યાભિમાન' સમું નાટક 'ફાર્બસ વિરહ'થી માંડી અનેક કાવ્યોનાં સર્જક દલપતરામનાં પુત્ર પણ સુપ્રસિદ્ધ કવિ, નાટ્યકાર હતા, તેમનું શું નામ?**
(ક) પૂજાલાલ (ખ) પન્નાલાલ (પટેલ)
(ગ) ન્હાનાલાલ (ઘ) કનૈયાલાલ (મુનશી)

**4. ગની દહીંવાલાની ગઝલ 'દિવસો જુદાઈના જાય છે'ને પુરુષોત્તમ ઉપાધ્યાયે કોની પાસે ગવડાવી છે?**
(ક) પ્રફુલ્લ દવે (ખ) બેગમ અખ્તર
(ગ) મહેન્દ્ર કપૂર (ઘ) મોહમ્મદ રફી

**5. 'મોજશોખને ખાણીપીણી સુરતીલાલા સહેલાણી વાડી ગાડી લાડીમાં તેં કીધી જિંદગી ધૂળધાણી' પંક્તિના કવિ કોણ છે?**
(ક) બહેરામજી મલબારી (ખ) નર્મદ
(ગ) અરદેશર ખબરદાર (ઘ) મનહરલાલ ચોકસી

**જવાબો**
1. ખ- જડચેતન 2. ક- બરકત વિરાણી 'બેફામ', 3. ગ- ન્હાનાલાલ
4. ઘ-મોહમ્મદ રફી 5. ક- બહેરામજી મલબારી.

# બોલો , ભૂપતને બહારવટાની કોઇ સજા થઇ નથી

કોઈના જીવનચરિત્રને યા આત્મકથાને યા વાર્તા કે નવલકથાને માત્ર કથારસથી વાંચવું નહિ. નંદશંકર મહેતાની 'કરણઘેલો'થી માંડી ર.વ.દેસાઈ, મેઘાણી, ગુણવંતરાય આચાર્ય, દેવશંકર મહેતાથી માંડી અશ્વિની ભટ્ટ, હિમાંશી શેલત સુધીનાં સર્જકોએ પોતાના લેખનમાં સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક, કૌટુંબિક અને આર્થિક સમય પણ ગૂંથી લીધો હોય છે. લખવું એ પોતે જ એક દસ્તાવેજીકરણનું કાર્ય બને છે. જિતુભાઈ ઘાધલે ભૂપત બહારવટિયાનું દસ્તાવેજી વિગત અને તસવીરો સાથેનું જીવનચરિત્ર લખ્યું છે. આજે હવે બહારવટિયા વિશે નવલકથાઓ લખાતી નથી કારણ કે તે રહ્યા નથી. લૂંટારુઓ, હત્યારાઓ હવે નવા રૂપે, નવી રીતિઓ સાથે સમાજમાં હાજર છે ને ભૂપતે મચાવેલો તેનાથી મોટો કાળો કેર વર્તાવી રહ્યા છે. જાને દો!


'એક હતો... ભૂપત' 2014માં લખાયેલું જીવનચરિત્ર છે અને રાજાશાહી યુગથી આરંભી આઝાદી પછીના દાયકાનો સમય છે. ભૂપતસિંહ મેરુજી બૂબનો જન્મ 31.01.1922માં થયો હોવાનું નોંધાયું છે. કાઠિયાવાડના તાલુકદારોમાં વાઘણિયાનાં દરબાર સાહેબનો તે 'માનીતો મર્દ માણસ' હતો. અચ્છો રમતવીર હતો. રજવાડાઓ જે હરીફાઈઓ થતી તેમાં અનેક મેડલ,કપ, શીલ્ડ અને ઈનામો જીતવામાં નંબર વન હતો. વાઘણિયા દરબારમાં પોલીસની નોકરી કરતાં રાણા ભગવાન ડાંગર જે અગાઉ ધાડ પાડતો ને જેલમાં ગયેલો ત્યારે તેના બાપને બે પટેલિયાઓએ એવો માર મારેલો કે મોત બોલાઈ ગયેલું. રાણો અને ભૂપત મિત્ર. રાણાએ બાપના મોતનું વેર લેવું હતું. 1947નો સમય. દેશમાં રાજકીય આઝાદી આવી હતી અને રજવાડાંઓ રજવાડાં ન રહ્યાં, તાલુકદારો ને રાજવીઓ સાલિયાણાદારો થયા. એ વખતે વાંસાવડમાં એક ધાડ પડી જેમાં ત્યાંના જાગીરદાર અને કોંગ્રેસી માર્કંડ દેસાઈનું નામ આવ્યું પણ કોંગ્રેસે તેનું ભીનું સંકેલતી વેળા વાઘણિયા દરબારને માથે આરોપ મઢ્યો. દરબારના પાંચ માણસોને પકડ્યા તેમાં ભૂપતસિંહ પણ હતો. ભૂપત નિર્દોષ હતો ને તેની સાથે અન્યાય થયો. ભૂપતે ગામ છોડયું. જો કે પછીથી વાઘણિયા દરબારે અધિકારીઓને સાચી હકીકત કહેતાં વોરંટનો અમલ ન થયો ને ભૂપત ગામમાં પાછો ફર્યો. આવ્યા પછી પેલો મિત્ર જે વેરની આગમાં દાઝતો હતો તે માંદો હતો. તેને ભૂપતે કોલ આપ્યો કે, 'તારા બાપને જેણે મારી નાંખ્યો એને જાનથી ન મારું તો હું મેરુજીનો દીકરો નહિ'. એ દરમિયાન પેલા વાઘણિયા દરબારે બંદૂકની ગોળી ખાઈ આપઘાત કર્યો એટલે વળી જૂના વોરંટ અમલમાં આવ્યા. ફરી ભૂપતે દોડવાનું થયું. ફરી કેસ ચાલ્યો, ફરી નિર્દોષ છૂટયા. આ બધી વાતે ભૂપતમાં રહેલા ખમીરમાં હવે આખા તંત્ર સામે ઝેર ઘોળાવા લાગ્યું હતું. એ પછી શેઠ હાસમ કાસમ બ્રધર્સ નામના શ્રીમંત મેમણ કે જેણે નવ લાખના ખર્ચે બંગલો બંધાવેલો તેને ત્યાં લૂંટ થઈ અને તે વખતે વાઘણિયા રજવાડાને જ ગુનેગાર ગણાયું. તે વખતે રહેમતુલ્લા નામના બહારવટિયાની ટુકડીની સૌરાષ્ટ્રમાં રાડ પડતી અને એ ટુકડીના દેવાયત ખાચર સાથે ભૂપત એ રાણા ભેગાં



**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

થયાં. તેમણે પહેલું કામ રાણાના બાપને ખેતર વચ્ચે મારવાનું કર્યું. બસ, એ હત્યાથી ભૂપતના બહારવટાની જાહેરાત થઈ. 24 જૂન 1949.

જીતુભાઈ ધાધલે આખું જીવનચરિત્ર એ રીતે આલેખ્યું છે કે ભૂપત અને તેના જીવનના, બહારવટાના ઘટનાક્રમ પ્રત્યે સહાનુભૂતિ પણ જાગશે અને ત્યારના કોંગ્રેસી રાજકારણ અને રાજનેતા પ્રત્યે ધિક્કાર પણ જાગશે. બીજો જે ભાવ જાગશે તે એ કે ભૂપત એવો હતો કે જે નક્કી કરે તે પાર પાડે અને ડર્યા વિના પાર પાડે. ગમે તેવા કપરા પડકાર પણ તેને રોકી ન શકે. આ મિજાજ સૌરાષ્ટ્રની એ પ્રજાનો છે જે રજવાડાઓના જુલમ અને પ્રતિકારમાંથી ઘડાયો છે. ત્યારનાં કોંગ્રેસીઓ બધા પર આધિપત્ય જમાવવા માંગતા હતા



અને પેલા જાગીરદારો, રાજવીઓને તે બહુ ખટકતું હતું. ભૂપતની ધાડ અને હત્યાના સિલસિલામાં કોંગ્રેસ પ્રત્યે સહાનુભૂતિ રાખનારા યા તે વખતે નેતા થવા માંગતા અનેકનાં ઢીમ ઢળી ગયાં. જીતુભાઈએ અનેક દસ્તાવેજો આપ્યા છે. તસવીરો આપી છે તે ઉપરાંત જેમની ભૂપતે હત્યા કરી હોય તેમનાં સગાંઓ સાથેની મુલાકાત વડે ઘટનાબયાની પણ કરી છે. ભૂપતના જે જે સાથી થયા તેની કહાણીઓ પણ ઘા ખાધાની છે ને મરવા સુધીનું લોહીઝાણ ઝનૂન ભરાયું હોય એવી છે. આખા ચરિત્રમાં પોલીસ, રાજકારણીઓ અને ખોટી રીતે લોકોને લૂંટી ધનવાન થયેલાને હંફાવવાની ભૂપતની ત્રેવડ અને ઘાતક યોજનાને પાર પડતી જોતી કરતું આલેખન છે. 'મસાણે જવું હોય તો મરવાનો ભોં શાનો? ભૂપતસિંહ પોતે ઘડેલી યોજનાઓમાંથી કોઈ દિવસ પાછા ન હઠતાં. ભૂપત કહેતો કે, 'નિર્દોષ છે તેમને ડરવાની જરૂર નથી અને દોષિત છે એમને બચવા માટે આશા રાખવાની નથી!' ભૂપતે જે પાકા કોંગ્રેસીઓ હોય તેને વીણી વીણીને ભડાકે દીધા છે.

સૌરાષ્ટ્રના કાઠી દરબારોમાં ભૂપત પ્રત્યે આજે પણ માને છે પણ ભારત છોડી તે પાકિસ્તાન ગયો અને ઈસ્લામનો અંગિકાર કરી મુસ્લિમ સ્ત્રીને પરણી ગયો એટલે ભૂપતને ભૂલવું તેમણે પસંદ કર્યું છે. ખેર! પણ એક વાત નોંધવી પડે કે ભૂપતે સામી છાતીએ 'અપરાધ' કર્યા છે. ત્યાં પરમીટ વગર પ્રવેશવાના ગુનાને કારણે એક વર્ષની સજા થઈ તે પાકિસ્તાનમાં થયેલી એક માત્ર અને પહેલી-છેલ્લી સજા. સૌરાષ્ટ્રમાં 70 ગુનાઓ, પાંચ લાખ ચાલીસ હજારની લૂંટ અને 87 લોકોનાં ખૂન કરનાર ભૂપતને સૌરાષ્ટ્રની પોલીસ કદી ભૂલથી પણ અડી શકી નથી અને પાકિસ્તાનમાં તો તેણે કોઈ ગુનો જ ન કર્યો. ખેતી કરી, પશુપાલન કર્યું અને ત્રણ સંતાનોનો પિતા થયો. ભૂપત અને તેની બીબી (અમીના) હજ પણ પઢી આવ્યા અને હાજી થઈ ગયા. 28.9.1996ના રોજ ભૂપતનું અવસાન થયું, પૂરાં પંચોત્તેર વર્ષે. કરાંચીમાં તેની કબર છે. કર્મનો સિધ્ધાંત કહે છે કે જે કર્મો કરો તે ભોગવવાં પડે. ભૂપતે લૂંટ કરી, હત્યાઓ કરી પણ શું ભોગવ્યું? ખેર! ભૂપતની કથામાં ઘણું યાદ રાખવા જેવું ને ઘણું ભૂલી જવા જેવું છે પણ સૌરાષ્ટ્રના અમુક વિસ્તારોમાં આજે પણ તેની સ્મૃતિ જીવાઈ રહી છે. ભૂપત એક સમયે રજવાડાનું ગૌરવ બને તેવો રમતવીર હતો. આરઝી હકૂમતમાં લડતી વખતે દેશદાઝી હતો પણ બહારવટે ચડ્યો પછી કોઈ તેને વશ ન કરી શક્યું. તેણે કરેલા અપરાધને કોઈ માફ ન કરે પણ તેનામાં બહારવટિયા તરીકે ટુકડીને અને પોતાને સંભાળવાની જે શક્તિ અને દૃષ્ટિ હતી, યોજના પાર પાડવાની ઊંડા વ્યૂહ સાથેની કાબેલિયત હતી અને સામે પોલીસની કુમક ગોળીઓ છોડતી હોય ત્યારે પણ બચી નીકળવાની તાકાત હતી તે વિશે તો વિચાર કરવો પડે. સમાજની રીતે તે નકારાત્મક લક્ષણ કહેવાશે પણ નોંધવા તો પડે. જીતુભાઈ ધાધલે ભારે અભ્યાસ, મુલાકાત અને પાકિસ્તાનમાં બહાર પડેલાં 'ભૂપતસિંહ'ના કાળુવાંક અને રાવતવાંકે જ લખેલા પુસ્તકને મેળવી, અધિકૃત દસ્તાવેજો સાથે કથા આલેખી છે તે અધ્યયન માંગી લે તેવી હતી.

# બોલો, આવી રીતે તો કોઇ હાઇકોર્ટની વકીલાત છોડે?


**ગોવર્ધનરામ ત્રિપાઠીએ એવી આર્થિક સંકડામણ ભોગવેલી કે પાન પણ ખાવા છોડવા પડેલા**

*'સરસ્વતીચન્દ્ર' જેવી મહાનવલ લખનારા ગોવર્ધનરામ ત્રિપાઠી વ્યવસાયે વકીલ હતા અને મુંબઇની હાઇ કોર્ટમાં તેમની ધિકતી વકીલાત હતી પરંતુ ઇ.સ. 1885ની પહેલી જાન્યુઆરીથી અને 18 ઓક્ટોબર ઈ.સ. 1898એ વકીલાત છોડી અને વતન નડિયાદ જવાની ટ્રેન પકડી ત્યારે તેમની ઉંમર 42 વર્ષ. એ વખતે જ 'ધ ન્યૂ ઓરિએન્ટલ બેંકી તૂટી પડી અને તેમનાં રૂ.2700 ડૂબી ગયા. નિવૃત્તિકાળની મૂડી રોકાણનું વ્યાજ ઘટીને સાવ રૂ. 700 થઇ ગયું. મહિને 500 રૂ.ના ખર્ચ સામે આવક માંડ રૂ. 50 થઇ ગઇ પણ જે નિવૃત્તિ પસંદ કરી તે કરી. ઇ.સ. 1887 થી 1901 સુધી એટલે કે 9 વર્ષ સુધી તેમણે 'સરસ્વતી ચન્દ્ર'ના ચાર ભાગ લખ્યા. કુલ પૃષ્ઠ 1700.*

*વકીલાત કેમ નહોતી કરવી તે વિશે પણ તેમણે ચિંતન કરેલું, 'ન્યાય કરવાનો અધિકાર ભોગવવા જતાં રખે ને કોઇને અન્યાય થઇ જાય, નિરપરાધીને દંડ દેવા જાય, એવો અન્યાયભીરુ અને પાપભીરુ પુરુષ કદી નોકરી સ્વીકારી ન શકે. એ અન્યાય - ભીરુતા તે જ ન્યાયવીરતા છે, માનવપ્રેમ છે, એ પાપભીરુતા તે જ અચલ નીતિમત્તા છે.*

*પૈસા વિશે કે સત્તા વિશે પણ તેઓ જે વિચારતા તે વિચારવા જેવું છે, 'પૈસો! જો પ્રભુ મને મારા દેહ અને આત્માને ભેગા રાખવા જેટલો અને મારા આશ્રિતો પ્રત્યેની મારી ફરજ બજાવવા જેટલો આપે તો મારે વધારે જોઈતો નથી. ધનિક થવાની મને ઝંખના નથી. સત્તા માટેનો પ્રેમ મારામાં નથી. કીર્તિની મારી નજરમાં કિંમત નથી. એ કરતાં તો હિન્દ પ્રત્યેની મારી ફરજ વધુ તાકીદની છે.'*

*આવા વલણને કારણે તેઓ આર્થિક સંકડામણમાં જીવ્યા અને ત્યાં સુધી કે નાગરોને તો પાન ખાધા વિના ચાલે નહિ ને એ વડનગરા નાગર બ્રાહ્મણે નક્કી કર્યું કે આજથી ઘરમાં પાન બંધ. પત્ની અને નાનાભાઈએ વચ્ચેનો માર્ગ કાઢ્યો કે એક પાઈનાં ત્રણ પાન આવે. દરેક જણ એકેક ભાગ ખાય. આમ દિવસમાં બે વાર કરીને તો ત્રણ પાન દોઢ દિવસ ચાલે. મતલબ કે દોઢ દિવસનો પાન ખર્ચ એક પાઈનો પણ ગોવર્ધન રામને તે પણ પોષાતું ન*




*હતું. એટલે પાન બંધ તે બંધ. ધિકતી વકીલાત છોડી તેમણે સામે ચાલીને દારિદ્રય વહોરેલું. તેમણે 11 પુસ્તકો, 21 વ્યાખ્યાનો, 37 નિબંધો, 2 નાટકો, 3 ભાષાંતરો, 1 લઘુનવલ, 15 કવિતાઓ લખ્યાં. આમાં અંગ્રેજીમાં લખેલી સ્ક્રેપબુક પણ. ગોવર્ધનરામનું જીવન-20 ઓક્ટોબર 1855 થી 4 જાન્યુઆરી 1907. એટલે કે 51 વર્ષનું. ચાળીસમા વર્ષે નિવૃત્તિ લીધી એટલે 11 વર્ષ આર્થિક રીતે કટોકટીમાં વિત્યાં. અંગત જીવનનાં દુ:ખો તો અહીં બીજી જગ્યા માંગે એવાં છે. તે સમયે તો હાઇ કોર્ટની ધિક્તી વકીલાત કોણ છોડે? ને નાગરો તો રજવાડાંઓમાં દિવાન તરીકે પણ કુલ ડિમાન્ડમાં હતા. ગોવર્ધનરામને તો બધા આવકારે પણ સાહિત્યસર્જનને જ જીવન માન્યું. અરે, નાના ભાઇ પાસે પુસ્તક પ્રકાશનની પેઢી એન. એમ. ત્રિપાઠી શરૂ કરાવી. સાહિત્યકારો પોતાનાં સર્જનપ્રેમમાં કેવા જીવનને અપનાવી લે છે તેનો દાખલો આપણા નર્મદ પણ છે. બીજા પણ છે. સાહિત્યને પૈસા સાથે જોડી ન શકો. અલબત્ત, આજે સાહિત્યમાંથી અઢળક કમાણી કરનારા પણ છે પણ તે તો પસંદગીની વાત છે.*

***(હસિત મહેતાના અભ્યાસનિબંધના આધારે)***

## નવ વરસ મોટી, બાર સંતાનોની માતા સાથેનો એક મહાન સંગીતકારનો મળ્યા વિનાનો પ્રેમ

પ્રેમકથાને કોઈ એક દેશ, ધર્મ, જાતિ નથી હોતી. બે ઉંમરનો ભેદ પણ નથી હોતો અને એટલું જ નહીં એકબીજાને મળ્યા વિના પણ એકમેકને ચાહી શકો. યજ્ઞેશ દવે આમ તો કવિ, નિબંધકાર પણ તેમણે એક પ્રેમકથા લખી છે.

મહાન સંગીતકાર પીટર ચાટકોવ્સ્કી અને નાદેઝદા વોન મેકની. પીટર મધ્યમ વર્ગીય અને અપરિણીત, નાદેઝદા તેના કરતાં નવ વર્ષ મોટી અને બાર સંતાનોની મા અને હા, ખૂબ જ ધનાઢ્ય એવી વિધવા. પોતાના એકાંતમાં રહે અને કોઈને જ નહિ મળે. સંગીત માટે ઉત્કટ પ્રેમ અને પ્રેમ જ બંનેના પ્રેમનું કારણ બન્યો. પીટર તે વખતે હજુ અપ્રસિદ્ધ અને કહો કે ઊગતો સંગીતકાર. પીટરનું સંગીત તેણે અંદર એક ઓરડામાં બેસી સાંભળેલું. પીટરે બહાર બેસી સંગીત સંભળાવેલું. પણ આ સંગીત તેમના પ્રેમનું કારણ બન્યું. તેર વર્ષ સુધી એક પણ વાર મળ્યા વિના, માત્ર એકમેકને પત્રો લખતાં રહીને એ પ્રેમ બંનેએ પ્રાપ્ત કર્યો. આજે તો પત્રો લખાવા બંધ છે પણ આ 1876થી 1893 વચ્ચેની અને રશિયાની વાત છે. પીટર મહાન સંગીતકાર તરીકે ખ્યાતિ તો પછી પામ્યા પણ તે પહેલાં ઘણું જીવવાનું આવ્યું. તેમણે લગ્ન પણ કર્યાં અને એ લગ્નથી નાદેઝદા ખૂબ દુ:ખી થાય, ઈર્ષા પામે તે તો ખરું જ પણ નાદેઝદાની ઈર્ષા પામતા પીટરનું લગ્નજીવન પણ વળી પત્નીથી સુખી ન હતું. વાત એમ હતી કે તે તો સજાતીય હતો. ખેર, એ લગ્ન વણસી ગયા પણ પીટર એવો સંગીતકાર હતો જેનું સંગીત સાંભળી ટોલ્સટોય જેવા લેખક રડવા માંડેલા.



યજ્ઞેશ દવેએ એક નવલકથા લખતા હોય એમ આ 162 પૃષ્ઠની પ્રેમકથા લખી છે. એકબીજાની પાસે આવ્યા વિના પ્રેમની ઉત્કટતા જીવી શકાય છે. નાદેઝદા સાહિત્યની પણ વાચક છે.

પુશ્કિન સમા કવિને પણ આગવી સૂક્ષ્મ કાવ્યદૃષ્ટિથી વાંચે છે પણ પીટર અને નાદેઝડા વચ્ચે થતો પત્રવ્યવહાર પ્રેમનાં અનેક પાસાંઓ નિરૂપે છે. જો તમને પ્રેમ વાંચતાં આવડતો હશે તો આ 'મૈં તો ચુપચુપ ચાહ રહી' નામનું પુસ્તક ગમશે. અહીં જે લખાયું છે તે તો સાવ અધૂરું છું અને તે તમારા વાચનથી જ પૂર્ણ થઈ શકે પણ એકબીજાને મળ્યા વિના આટલાં વર્ષ ચાહવું તેને શું કહેશો?'

**પુસ્તકઃ** મૈં તો ચુપચુપ ચાહ રહી, **લેખકઃ** યજ્ઞેશ દવે
**પ્રકાશકઃ** ઝેન ઓપસ, અમદાવાદ, મૂલ્યઃ રૂા. 350/-

## નૌટંકી કરનારની મશહુરી ને મજબૂરીની દાસ્તાન

આજે ભવાઇ નથી તેમ નૌટંકી નથી પણ ઉત્તર ભારતમાં એક સમયે તેનો ભારે દબદબો હતો. હિન્દી ફિલ્મોએ તેનો જ પ્રભાવ સ્વીકારી પોતાની મનોરંજક શૈલી વિકસાવી છે. આજની આઇટમ ગર્લ અને બાર ગર્લ પણ નૌટંકી સાથે જ જોડાયેલી છે. ગુલાબબાઇ આ નૌટંકીની મલ્લિકા હતી. 12 વર્ષની ઉંમરે તેણે નૌટંકીની દુનિયામાં (1931) પગ મૂક્યો અને ગાયન, અભિનયને કારણે એવી ઊંચાઇએ પહોંચી કે ભારત સરકારે તેને પદ્મશ્રીથી સન્માની પણ શું એ સન્માન નૌટંકીનું હતું. ના. જો એમ હોત તો નૌટંકી આજેય ટકી હોત. દીપ્તિ પ્રિયા મહરોત્રાએ પ્રથમ અંગ્રેજીમાં ગુલાબબાઇ- ક્વિન ઓફ નૌટંકી થિયેટર નામે પુસ્તક પ્રગટ કરેલું તે હવે હિન્દીમાં પ્રગટ થયું છે. આ પુસ્તક માટે તેઓ ગુલાબબાઇની દીકરી, ભાણેજ બધાને મળ્યા. બાઇ સાથે તબલાં વગાડતાં તેનેય મળ્યા. ગુલાબબાઇએ ગ્રેટ ગુલાબ થિયેટર કંપની સ્થાપેલી તેના મેનેજરને પણ મળ્યા. મેનેજરો સારી છોકરીઓ શોધે. રૂપાળી હોવી જોઇએ. સારું ગાતી હોવી જોઇએ. નાચી પણ શકે તો બહેતર. નૌટંકી તો એમ જ ચાલે. કંપની પાસે આઠ પરદા હતા. જંગલના પરદા, મહેલના, બગીચાના, બજારના... પરદા. ગુલાબબાઇ ભણેલી નહોતી પણ નૌટંકી કંપની માટે એકદમ ફીટ હતી. ગામડાંઓમાં થતા મેળામાં તો તેને જોવા ભીડ થઇ જતી. 1996માં તેનું મૃત્યુ થયું અને ત્યાં સુધી તે નૌટંકીની પટરાણી હોવાનું માન ખાટી. લેખિકાએ એ જમાનાની બીજી નૌટંકી-કલાકારોની વાત માંડતાં ગુલાબબાઇનું ચરિત્ર ઉપસાવ્યું છે. ગુલાબબાઇની મા મોતીજાન રજવાડામાં રહેલી. રાજા-મહારાજાઓની ખાસ હતી. એક રાજા સાથેના સંબંધમાં બાળક થયું તો રાણીએ એ મરાવી નાંખ્યું. બીજું થયું ત્યારે પણ મરાવતે પણ મોતીજાન બાળક લઇને ભાગી અને બચી. એ મુગલ દરબારોમાં નાચતી પણ મુગલ ગયા ને અંગ્રેજોનું



રાજ આવ્યું. મોતીજાન એવામાં ફરી મા બની અને ગુલાબ જન્મી. ગુલાબની જિંદગીમાં સતત રઝળપાટ હતો પણ રાત્રે તે અનેકનાં દિલો પર છવાઇ જતી. આજે નવાઇ લાગે પણ શંકર અને શંભુ જેવાએ ગુલાબની કંપનીથી ગાયન-નાચની શરૂઆત કરેલી. 1960 સુધી ગુલાબ હીરોઇન તરીકે છવાયેલી રહેલી પણ કંપની માલિક અને પ્રશિક્ષક તરીકે છવાયેલી રહેલી પણ કંપની માલિક અને પ્રશિક્ષક તરીકે કામ કર્યાં. તેણે આ દરમિયાન તેનાં કુટુંબીજનોને લાભ કરાવ્યો પણ તે જેને ચાહતી હતી તેનું અચાનક મૃત્યુ થયું. આવી બધી વાતો વચ્ચે નૌટંકીની દુનિયા આ પુસ્તકમાં આલેખાયેલી છે. ગુલાબની નહિ બીજાઓની પણ કથા તમને હચમચાવશે. એક સારું રસ પડે તેવું પુસ્તક છે. મંગાવજો ને વાંચજો.

**નૌટંકી કી મલિકા : ગુલાબબાઇ, લેખિકાઃ** દીપ્તિ પ્રિયા મલ્હોત્રા, **પ્રકાશક :** પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા પ્રા. લિ. ગુડગાંવ-12202 હરિયાણા. **કિંમત :** રૂા. 250/-

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ઉનાળાનો તાપ બાપ રે બાપ

આ વખતે તો ઉનાળાએ હદ પાર કરી દીધી છે અને જે તાપ વરસાવ્યો છે કે ગરમીથી તો તોબા તોબા થઇ ગયાં છીએ. પછી એમ વિચાર આવે કે ઉનાળામાં તો તાપ પડવાનો જ છે. થોડો સહન કરીને જીવી લેવું. જો ઉનાળાનો તાપ વેઠીશું તો જ ચોમાસાની ઠંડક મળશે. જે ઉનાળો તપે તો ચોમાસામાં મેઘ મન મૂકીને વરસે. સૌને ગમતા વરસાદના કારણમાં તો ઉનાળો જ હોય છે. ઉનાળાની બપોરે દરેક જણ વામકુક્ષી માણીને આરામ ફરમાવતા હોય છે. પશુ-પંખી પણ ઘટાદાર ઝાડની બખોલમાં ઉનાળાની બપોરે આરામ કરતાં જોવા મળે છે. થોડી વાર ગ્રીષ્મની ગરમી વેઠીએ તો જ વરસાદનું વહાલ મળે. વળી ઉનાળો પણ કેટલાં સરસ ફળો લઈને આવે છે. સકર ટેટી, ચાંપાં, તરબૂચ અને સાથે મધમીઠી કેરી તો ખરી જ. આમ ઉનાળાનું વૈવિધ્ય કાંઇ ઓછું નથી. આમ ઉનાળો હોય, શિયાળો હોય કે ચોમાસું હોય, દરેક ઋતુ પોતપોતાની રીતે આપણા જીવનમાં આગવું સ્થાન ધરાવે છે. એટલે તાપમાં થોડા ખમી જવું સારું એમ હું માનું છું.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## ફેમિલી ફિઝિશિયન ડો. નવનીતભાઇ નાગરવાડિયા

વિશ્વ ફેમિલી ફિઝિશિયન દિવસે 'ગુજરાતમિત્ર' અખબારમાં ડો. વિનોદ સી. શાહ સાહેબે શહેરમાં ફેમિલી ફિઝિશિયન બાબતે ચિંતાનો સૂર પ્રકટ કર્યો છે. તે વ્યાજબી છે. એક જમાનામાં આ શહેર દરેક વિસ્તારમાં ઠેર ઠેર ફેમિલી ડોક્ટરના દવાખાનાની કોઈ અછત નહોતી. અમારા વાડીફળિયા વિસ્તારમાં ડો. નવનીતભાઈ નાગરવાડિયાની બોલબાલા હતી. અહીં દર્દીઓની બહુ ભારી ભીડ જોવા મળતી હતી. એમના મીઠા મધુરા સ્વભાવથી દર્દીઓનાં દિલ જીતી લીધાં હતાં. દરેક પરિવાર સાથે તેઓ નિકટતાનો નાતો ધરાવતા હતા. અમારા માટે તેઓ ગોડફાધર સમાન હતા. શરદી-ખાંસી તાવ જેવી બિમારીમાં તેઓની દવાથી દર્દી બે દિવસમાં સારો થઈ જતો. નાનાં બાળકોને બળિયા બાપજી પધારતા એમના માટે રડતુ બાળક એમના હાથમાં શાંત થઈ જતું. એમની આ એક વિશેષતા હતી. મોટે ભાગે એમના દવાખાનાની હવાથી દર્દી તાજો માજો થઈ જતો. ભાગ્યે જ બહારની દવા લખતા. ધંધાદારી નહીં પણ સેવાભાવી ડોક્ટર હવે આજે રહ્યા નથી. એમની યાદ આવે છે. હવે આજે એ ડોક્ટર પણ રહ્યા નથી. વધતી વયના કારણે તેઓએ વિદાય લીધી. એમનુ ક્લિનીક સાવ સૂનું પડી ગયું છે. માનવસેવા એ જ પ્રભુસેવા એમનો જીવનમંત્ર હતો. ગરીબ દર્દી પાસે તેઓ ફી લેતા નહોતા. આવા ડોક્ટર હવે મળવા મુશ્કેલ છે. ફેમિલી ફિઝિશિયન ડો. નવનીતભાઇ નાગરવાડિયા સાહેબને વિનમ્ર નમન.

**સુરત - જગદીશભાઈ પાનવાલા**

## ધર્મપ્રેમી સુરતીઓ ની આસ્થા 'અધિકમાસ'

હિંદુ કેલેન્ડર પ્રમાણે દર ત્રણ વર્ષે વધારા નો મહિનો આવે છે જે અધિકમાસ તરીકે ઓળખાય છે.અધિકમાસ ને પુરુષોત્તમ માસ પણ કહેવામાં આવે છે.અધિકમાસ માં શુભકાર્યો થતા નથી. આ મહિનામાં ધાર્મિક કાર્યો કરવામાં આવે છે. અધિકમાસ માં દાન પુણ્ય નું વિશેષ મહત્વ છે. અધિકમાસ માં સુરતીઓ ધાર્મિકમય બની જતાં હોય છે. પહેલા તાપી નદી બે કાંઠે વહેતી હતી ત્યારે તાપી કિનારે સુરતીઓ સ્નાન કરવા જતાં. તાપીના ઓવારે માનવ મહેરામણ ઉમટી પડતો,તાપી ઓવારે કાંઠા ગોર બેસતા હતા ત્યાં પૂજા પાઠ થાય અને દાન પુણ્ય કરવામાં આવતું, તાપી કિનારે બેસતા જરૂરિયાત મંદ લોકોને અનાજનું દાન કરી પુણ્ય કમાતા. તાપીમાં ઓછા પાણીના કારણે સ્નાનનો મહિમા ઓછો થયો છે. આખો મહિનો શેરી શેરી એ અધિકમાસ ની કથા બેસતી,બ્રાહ્મણો દ્વારા કથાનું વાંચન કરવામાં આવતું અને યજમાનો દ્વારા સીધું આપવામાં આવે. હજુ પણ સુરતીઓ અધિકમાસ માં બેન ભાણેજો માંટે જમણવાર યોજે છે જેમાં માલપુઆ અને દુધપાક અથવા લાડુ નું જમણ હોય છે.આ પ્રસંગે સંયુક્ત પરિવારના નાના મોટા ભાણેજો ને એક બીજાને મળવાનો લ્હાવો મળે છે.અધિકમાસ માં સુરતીઓ એક વાર ડાકોર ના રણછોડરાય ના દર્શને અચૂક જાય છે. અધિકમાસ માં સુરતીઓ ને ત્યાં બિનશાકાહારી ભોજન બનાવવામાં આવતું નથી.આ મહિનામાં સાત્વિક ભોજન બને છે. ઘણાં સુરતીઓ એક ટાણું કરે છે. મગ અને રોટલી ખાઈને અધિકમાસ નું વ્રત પણ ઘણાં લોકો દ્વારા કરવામાં આવે છે. રાધા પુરુષોત્તમ ભગવાન ની પૂજા અર્ચના કરવામાં આવે છે. એકાદશીના દિવસે તુલસી ચઢાવામાં આવે છે. સુરતમાં તાપીમાતાની મહેર છે. 'અધિકમાસ માં દુકાળ' કહેવત ને સુરતીઓ ને લાગતું વળગતું નથી.'અધિકસ્ય અધિકમ ફલમ' માં આસ્થા ધરાવે છે.અધિકે રાધાપુરુષોત્તમ દેવ કી જય હો..

**સુરત - કિરીટ મેઘાવાલા**

## રાષ્ટ્રીય સ્તરે વનવાસી સમાજ

ઈન્ટરનેટ ના યુગ માં કઇ વાત માં કેટલુ તથ્ય છે એ જાણવુ અતિ કઠીન છે. પરંતુ વિવિધ સ્થાન, વિવિધ સમયે અને વિવિધ માધ્યમો દ્વારા સાંભળવામાં આવ્યુ છે કે 24મી એ દિલ્હી ના લાલ કિલ્લા પર દેશભર ના વનવાસી બંધુઓ પોતાની સંસ્કૃતિ માટે લાખ્ખો ની સંખ્યા માં જવાના છે. આંદામાન - નિકોબાર જેવા દૂર-દરાજ ના ખૂણે ખૂણાથી પણ સૌ નિકળી ચૂક્યા છે. સાંભળવા માં આવ્યા અનુસાર વિવિધ ટ્રેનો પણ દોડાવવાનુ આયોજન કરવા માં આવ્યુ છે. જે માં ની એક ટ્રેન નવસારીની પણ છે. વાસ્તવ માં જ જો આ વાત સાચી હોય તો એક વાત નો સંતોષ છે કે 1. દેવકીનંદન કાના ને ગોવર્ધન લીલા માં સહયોગ કરનારાઓ નો એ સમાજ કે 2. ભગવાન શ્રીરામ ની એ સેના હોય જેમા નલ-નીલ જેવા કુશળ અભિયંતાઓ કે પછી જામ્બુવાહન જેવા વરિષ્ઠ "જીવો" હોય (બળ-બુધ્ધિ કે દાતા ની તો બચ્ચા બચ્ચા ને ખબર છે) આ વનવાસી સમાજે પોતાના કૌશલ્ય અને શ્રધ્ધા થી સૌથી રક્ષા કરી છે. ઘણા ને ખબર હશે જ કે મહારાણા પ્રતાપ ની સેના પણ "ભીલ" ની જ બનેલી હતી. આપણા સોમનાથ દાદાની રક્ષા ના કાજે શહિદ થયેલો એ વેગડો ભીલ, જેની નાનકડી દેરી પણ મોજુદ છે. ખેર, દેર આયે દુરસ્ત આયે. જાગ્યા ત્યાર થી સવાર માની, ધર્મ અને સમાજ ખાતર બલિદાન આપનાર સમસ્ત સમાજ ને "જય જોહાર" લખી વિરમીશ.

**સુરત - ચેતન સુશીલ જોષી**

## ભણવાનું શા માટે ?

આપણે ત્યાં બાળક સાડા ત્રણ વર્ષનું થાય ત્યારથી તેને જુનિયર કે.જી થી ભણવા મુકી દઈએ છીએ. શા માટે ?કે તે મોટું થઈને સારી નોકરી મેળવી કે સારો વ્યવસાય કરી સારી કમાણી કરે અને તેનું જીવન સુખી થાય.ટૂંકમાં બાળકને લાંબે સુધી કે સારું ભણતર પુરું પાડવાનો મોટા ભાગના લોકોનો મકસદ ધન પ્રાપ્તિ છે.સરકારે પણ દસમાં ધોરણ સુધીનું શિક્ષણ ફરજીયાત કરેલ છે.પરંતુ દસમું ભણેલાનું કંઈ ઉપજતું નથી.કમ સે કમ બારમું ધોરણ અને હવે તો ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ થવું પડે છે.તેમ છતાં સારા પગારની નોકરી મળી શકતી નથી.જો કોઈ ડૉક્ટર બને તો પણ તે સેટ થાય ત્યાં સુધીમાં ત્રીસ વર્ષની ઊંમર થઈ જાય છે.વકીલાતમાં પણ સેટ થતાં વર્ષો નીકળી જાય છે.એક પ્રોફેસર પણ અઠ્ઠાવીસની આસપાસ પહોંચી જાય છે.બીજી તરફ નાની ઉંમરથી કોઈ ક્ષેત્રમાં કુશળ વ્યકિતને વધારે ભણવું પડતું નથી.આજની તારીખે આઈપીએલ માં રાજસ્થાનની ટીમ તરફથી રમી રહેલો વૈભવ સૂર્યવંશીને દસમા ધોરણની પરીક્ષા આપવાનો સમય નથી.તે પંદર વર્ષની ઊંમરે જ કરોડપતિ બની ગયો. હવે તેને ભણવાની જરૂર ખરી? આપણા સચિન તેંડુલકર અને બીજા ઘણા ખેલાડીઓ ક્યાં વધારે ભણેલા છે!આપણાં ફિલ્મી કલાકારો, ગાયકો,પન્નાલાલ પટેલ જેવા સાહિત્યકારો,મહેશ-નરેશ જેવા કલાકારોને ક્યાં ભણવાની જરૂર પડી છે.મતલબ કે વધુ મોટી ડીગ્રી છતાં કમાણી મર્યાદિત અને ઓછું ભણતર છતાં અઢક કમાણી. એટલે જીવનમાં આગળ આવવા કે પ્રસિદ્ધિ મેળવવા કોઈ વિષયમાં નાનપણથી જ એક જ્ઞાન મેળવી લેવું જોઈએ કે વધારે નાણા કમાઈ શકાય.ફક્ત ડીગ્રી પ્રાપ્ત કરી મોટા થઈને કમાઈ લઈશું એવા વિચારો રાખવાથી મધ્યમ વર્ગમાં જ રહી જવાશે.હવે સરકારે પણ આવડત જોઈને નોકરીઓ આપવી જોઈએ. નાની ઉંમરનો વ્યકિત પણ વૈભવની જેમ કાર્યકુશળ હોય તો સોળ વર્ષે પણ નોકરીને લાયક ગણાવો જોઈએ. પહેલાના સમયમાં રાજા ચૌદ વર્ષે ગાદી સંભાળી શકતા હતા તો અત્યારે પચ્ચીસ વર્ષ સુધી કેમ રાહ જોવાની.કેટલીકવાર એવો વિચાર આવે કે આવે આખું ભણતર મરજીયાત હોવું જોઈએ. ભણવાનું શા માટે?ફક્ત કોઈ એક વિષયની નીપુણતા મળે તેવી ટ્રેનિંગ હોવી જોઈએ. લતામંગેશકર બીકોમ થયાં હોત તો આપણને આટલાં સારાં ગાઈકા ન મળી શક્યાં ન હોત.

**સુરત -પ્રવિણ પરમાર**